-: વેચાણ દસ્તાવેજલેખ :-

<u>સ્થાવર મિલ્કત ફ્લેટનો વેચાણનો દસ્તાવેજ</u>

રૂપિયાઃ .... /- પુરાનો.

ફલેટ નંબરઃ .... , ... માળે, ''દત્ત આશ્રય'', પાણીની ટાંકીની સામે, મુ.પો. : **ઉંડેરા** તા.જી.: વડોદરા **નો વેચાણ દસ્તાવેજ લેખ :**

આજરોજ સંવત : ૨૦૭૩ના .... સુદ/ વદ–... ને ....વાર, તારીખ : .... માહેઃ .... સને : **૨૦૧૭** ના રોજ આ વેચાણ દસ્તાવેજ **<u>લેખ લખાવી લેનાર :</u> ખરીદનાર :**

.........................., ઉ.વ.આઃ ...., ધંધોઃ ......, રહેઃ ...., ધર્મેઃ હિન્દુ,

જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજલેખમાં **વેચાણ રાખનાર** તરીકે સંબોધવામાં આવેલા છે એ સંબોધનના અર્થમાં વેચાણ રાખનાર પોતે તથા તેમના વંશ વાલી વારસો, એકઝીકયુટર્સ, એસાઈનીઝ, સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટર્નીઝ વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવેલ છે. જોગ –

આ **વેચાણ દસ્તાવેજ લેખ લખી આપનારઃ વેચનારઃ <u>બીજી તરફવાળા</u>** :

(૧) પટેલ ભાઈલાલભાઈ જેઠાભાઈ, ઉ.વ.આ.: ૭૬, રહે : નાની ખડકી, મુ.પો.: ઉંડેરા, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦, પાન (PAN)કાર્ડ નં. : BBBPP8732R
મોબાઈલ નં. : 72288 69977

(૨) પટેલ નિમેશભાઈ મનુભાઈ, ઉ.વ.આ.: ૩૬, રહેઃ નાની ખડકી, મુ.પો.: **ઉંડેરા**, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦, પાન(PAN)કાર્ડ નં. : AXGPP5212J
મોબાઈલ નં. : 97277 49057

(૩) પટેલ પુષ્પાબેન જેઠાભાઈ (તે અરવિંદભાઈ પટેલની પત્નિ), ઉં.વ.આ.: ૬૭, રહે : પ્રમુખ નિવાસ, તરસાડી નગર સેવા સદન સામે, તરસાડી રોડ, મુ.: **તરસાડી**–૩૯૪૧૨૦, પોસ્ટઃ કોસંબા, તા.: માંગરોળ, જી.: સુરત,
પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 99090 20215

(૪) પટેલ રાવજીભાઈ જેઠાભાઈ, ઉં.વ.આ.: ૭૪, રહે : એ–૧૯, ગાયત્રીપાર્ક સોસાયટી, ઉંડેરા ચાર રસ્તા, મુ.પો.: **ઉંડેરા**, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦, પાન (PAN) કાર્ડ નંબર : ACAPP7377B છે.
મોબાઈલ નં. : 92777 04594

(૫) પટેલ તારાબેન ફુલાભાઈ (તે ફુલાભાઈ પટેલની પત્નિ), ઉં.વ.આ.: ૭૧, રહેઃએ–૭, દત્તવિહાર સોસાયટી, ઉંડેરા પાણીની ટાંકી સામે, મુ.પો.: **ઉંડેરા**, તા.જી.: વડોદરા–૩૯૧૩૩૦,પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 99989 79136

(૬) પટેલ મહેશભાઈ ઉર્ફે મહેન્દ્રકુમાર ફુલાભાઈ, ઉં.વ.આ.: ૫૬, રહે : નાની ખડકી, મુ.પો.: ઉંડેરા, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦,
પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 79842 42882

(૭) પટેલ વસંતભાઈ ફુલાભાઈ, ઉં.વ.આ.: ૫૨, રહે :એ–૭, દત્તવિહાર સોસાયટી, ઉંડેરા પાણીની ટાંકી સામે, મુ.પો.: **ઉંડેરા**–૩૯૧૩૩૦, તા.જી.: વડોદરા,
પાન (PAN) કાર્ડ નંબર : AHKPP8319E છે.
મોબાઈલ નં. : 98257 05577

(૮) પટેલ લતાબેન ફુલાભાઈ (તે જગદીશભાઈ પટેલની પત્નિ), ઉં.વ.આ.: ૫૦, રહે : કાશીબા કોલોની, મુ.પો.: **ઘાયજ**, તા.: પાદરા, જી.: વડોદરા.
પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 97246 21733

(૯) પટેલ પ્રવિણાબેન ભોગીલાલ (તે ભોગીલાલ પટેલની પત્નિ), ઉં.વ.આ.: ૫૫, રહે : એ–૩૩, ગાયત્રીપાર્ક સોસાયટી, ઉંડેરા ચાર રસ્તા, મુ.પો.: ઉંડેરા, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦, પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 99137 26114

(૧૦) પટેલ કલ્પેશભાઈ ભોગીલાલ, ઉં.વ.આ.: ૨૭, રહે : એ–૩૩, ગાયત્રીપાર્ક સોસાયટી, ઉંડેરા ચાર રસ્તા, મુ.પો.: ઉંડેરા, તા.જી. : વડોદરા–૩૯૧૩૩૦,
પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 90333 90881

(૧૧) પટેલ કેનાબેન ભોગીલાલ (તે ભાવેશભાઈ પટેલની પત્નિ), ઉં.વ.આ.: ૨૯, રહે : કાશીબા નગર, મુ.પો.: **ઘાયજ** તા.: પાદરા, જી.: વડોદરા.
પાન (PAN) કાર્ડ નંબર :
મોબાઈલ નં. : 99780 10780

જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજલેખમાં **વેચાણ આપનાર** અથવા **બીજીતરફવાળા** તરીકે સંબોધવામાં આવેલ છે અને સદરહું સંબોધનના અર્થમાં વેચાણ આપનાર મિલ્કત માલિક તથા તેઓના વંશ, વાલી, વારસો, એકઝીકયુટર્સ, એસાઈનીઝ, સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટર્નીઝ, ભાગીદારો, વિગેરે તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવેલ છે.

<u>સંમતિ આપનાર : ડેવલોપર્સ : ત્રીજી તરફવાળા</u> :

"શ્રી ગજાનન ડેવલોપર્સ", ઓફીસઃ ગાયત્રીપાર્ક સોસાયટી, ઉંડેરા ચારરસ્તા, મુ.પો.: **ઉંડેરા–૩૯૧ ૩૩૦**, તા.જી.: વડોદરા, નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી, વહીવટકર્તા ભાગીદારશ્રી **અમરિષભાઈ ભાઈલાલભાઈ પટેલ**, ઉં.વ.આઃ૩૧, ધંધોઃ ખેતી અને વેપાર, રહેવાસીઃ નાની ખડકી, **ઉંડેરા**– ૩૯૧૩૩૦, તા.જી.: વડોદરા.
જેમાં "શ્રી ગજાનન ડેવલોપર્સ" નો પાનકાર્ડ નં.: ADBFS2520D.
તથા અમરિષભાઈ ભાઈલાલભાઈ પટેલનો પાનકાર્ડ નં.: BLCPP4683C.

... ૪ ...

જેમને હવેપછીથી આ વેચાણ લેખમાં **"સંમતિ આપનાર"** ડેવલોપર્સ અગર **"ત્રીજી તરફવાળા"** એ રીતે સંબોધવામાં આવશે. સદરહુ સંબોધનના અર્થમાં તેમના વખતો વખતના ભાગીદારો, તેમના વંશ, વાલી, વારસો, એસાઈનીઝ, વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત અમો વેચાણ આપનાર આ વેચાણલેખ લખી આપીએ છીએ કે –

૧. અમો વેચાણ આપનારને, તમો ખરીદનાર પાસેથી સદર મિલ્કતની આપણે નકકી કરેલી પુરેપુરી વેચાણ કિંમત રૂા.....................‌/– અંકે રૂપિયા : .... પુરા નીચેની વિગતે મળ્યા છે. જે અમોને ચૂકતે પહોંચ્યા છે. સદર લીધા રૂપિયાના બદલામાં નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત તમો ખરીદનારને કાયમી સ્વરૂપે કબજાહકકે અને માલિકીહકકે વેચાણ આપેલ છે. જે **નીચે મુજબ આપેલ છે.**

રકમ	**વિગત**
/–	**ચેક નંબર :** **ચેક તારીખ :** **બેંકનું નામ :**
/–	**ચેક નંબર :** **ચેક તારીખ :** **બેંકનું નામ :**
/–	કુલ. .... પુરા.

૨. **<u>આ વેચાણલેખથી તમોને વેચાણ આપવામાં આવતી મિલ્કતની વિગત</u>** :–

<u>પરિશિષ્ટ</u>

ફલેટ નંબર: ....., ...માળે, દત્ત આશ્રય, પાણીની ટાંકીની સામે, મુ.પો.: **ઉંડેરા –૩૯૧ ૩૩૦.** તા.જી.: વડોદરા,

વડોદરા જિલ્લા રજીસ્ટ્રેશન, સબ–ડીસ્ટ્રીકટ વડોદરા તાલુકાના, વિભાગના મોજે ગામઃ **ઉંડેરા**ની સીમની જમીનના **રેવન્યુ સર્વે નંબરઃ ૩૨૨ પૈકી ૧,** વાળી **એન.એ. થયેલ ૨૯૦૦ ચો.મીટર જમીન, જેનો ખાતા નંબરઃ ૫૬૭ છે. તે બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ "દત્ત આશ્રય" સ્કીમમાં આવેલ .... માળનો ફલેટ નંબરઃ .... જેનું બાંધકામનું ક્ષેત્રફળ : .... ચો.મીટર સુપર બિલ્ટઅપ** છે. જેમાં રૂમો, રસોડું, સંડાસ બાથરૂમ સહિતની મિલ્કત છે. છતાં સરકારી અને સીટી સર્વે રેકર્ડમાં અને સ્થળ પર જે માપ હોય તે સાચું ગણવાનું છે.

મોજે ગામ	રેવન્યુ સર્વે નંબર	બાંધકામનું ક્ષેત્રફળ	ફ્લેટ નંબર
ઉંડેરા	**૩૨૨ પૈકી ૧,**	**............ ચો.મીટર, સુપરબિલ્ટઅપ**	**નં. .... માળે**

તેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે:
ઉત્તરે :
દક્ષિણે :

મિલ્કતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

5" X 7" Front View & Side View

મિલ્કતનું પોસ્ટલ સરનામું :
ફ્લેટ નંબરઃ ....., ...માળે, દત્ત આશ્રય, પાણીની ટાંકીની સામે, મુ.પો.: **ઉંડેરા –૩૯૧ ૩૩૦.** તા.જી.: વડોદરા,

ખરીદનાર: મિલ્કત રાખનારની સહી :

વેચનાર : મિલ્કત તબદીલ કરનારની સહી :

મિલ્કતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

5" X 7" Front View & Side View

મિલ્કતનું પોસ્ટલ સરનામું :
ફ્લેટ નંબરઃ ....., ...માળે, દત્ત આશ્રય, પાણીની ટાંકીની સામે, મુ.પો.: **ઉંડેરા –૩૯૧ ૩૩૦.** તા.જી.: વડોદરા,

ખરીદનાર: મિલ્કત રાખનારની સહી :

વેચનાર : મિલ્કત તબદીલ કરનારની સહી :

૩. સદર મિલ્કતની નીચેની જમીન આ મિલ્કતમાં રહેતા બધા માલિકોના પોતપોતાના ક્ષેત્રફળના પ્રમાણમાં ગણવાની છે.

૪. સદર યોજનાના રોડ રસ્તા તથા કોમન પાર્કિંગ ઉપર સદર આ રહેણાંક તથા કોમર્શિયલ યોજનાના તમામ સભાસદોને સહીયારો વાપર ઉપયોગ કરવાના કાયમી અને અબાધિત અધિકારો રહેશે. તેમજ સોસાયટીના કોમન ડેવલોપમેન્ટ, સ્ટ્રીટ લાઈટ, ગટર રોડ, મેન્ટેનન્સ માટે વહીવટ અંગેનો ફાળો સરખે હિસ્સે અલગથી આપવાનો રહેશે.

આ "**દત્ત આશ્રય"નો** જે પ્લાન મંજુર કરવામાં આવેલ છે તે બિલ્ડીગના દાદર પેસેજ વિગેરે છે તેનો બિલ્ડીગના બધા માલિકો સહીયારો વાપર ઉપયોગ કરવાનો છે. આ મિલ્કતમાં જવા આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના તમામ પ્રકારના કનેકશનો જેવાં કે – ડ્રેનેજ, પાણીની લાઈનો, વિગેરે સુવિધાઓના દરેક સભ્યે સહીયારો વાપર ઉપયોગ કરવાનો રહેશે. આ મિલ્કતની ડ્રેનેજ લાઈન પણ સહિયારી રહેશે. તથા આ મિલ્કત માટે ઉપર નીચે જે પાણીની ટાંકી બનાવવમાં આવેલ છે તે પણ ઉપર નીચે વાળા બધાની સહીયારી ગણાશે. અને તેનો તમામ પ્રકારનો મેન્ટેનન્સ ખર્ચ બધાએ વરાડે પડતો આપવાનો છે. પાણીનો સબમર્શીબલ પંપ, કોમન લાઈટનો તથા નિભાવણીનો ખર્ચ દરેક ફલેટના માલિકોએ સહીયારો ભોગવવાનો છે.

૫. સદર "**દત્ત આશ્રય**" ના ફલેટના બાંધકામના લે–આઉટ પ્લાન, અને બાંધકામ કરવાની પરવાનગી વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ, (વુડા) તરફથી મળેલ છે. જેનો બાંધકામની પરવાનગીનો **રજાચિઠ્ઠી નંબરઃ** નં. યુડીએ/ પ્લાન–૨/ પરવાનગી/૧૭૪/૨૦૧૬ તારીખ : ૨–૯–૨૦૧૬ છે.

સદર યોજનાની જમીન **એન.એ.** થયેલ છે. જેનો વડોદરાના કલેકટરસાહેબના હુકમનો નંબર : એન.એ. / એસ.આર./ ૦૮ /૨૦૧૫–૧૬ નં.: જમીન– ડી/ કલમ–૬૫ / વશી/ **૪૩૯૯ થી ૪૪૦૫** / ૧૫ તારીખ : **૦૩ –૦૮ –૨૦૧૫** થી છે.

૬. સદર ઉપરોકત તમોને વેચાણ આપેલ મિલ્કતમાં લાઈટનું વીજકનેકશન છે. જે વીજકનેકશન સાથે તમોને વેચાણ આપેલ છે. જે તમારા નામે નામફેર કે ટ્રાન્સફર કરાવી લેવા તમોને હકક છે.

૭. સદર પરિશિષ્ટમાં જણાવેલ તમોને વેચાણ આપેલ મિલ્કત ઉંડેરા ગ્રામ પંચાયતમાં અને સીટી સર્વે રેકર્ડમાં કે રેવન્યુ રેકર્ડમાં કે સરકારી કે અર્ધસરકારી રેકર્ડમાં તમારા નામે નામફેર, ટ્રાન્સફર કરાવી લેવા હકકદાર છો. અને અંગે અમો વેચનારની કોઈ સહી સંમતિ જરૂર હશે તો આપવા સંમત છીએ.

... ૭ ...

૮. સદર મિલ્કત અમો વેચાણ આપનારની માલિકી અને કબજા ભોગવટાની છે અને તેમાં અમારા સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગ–ભાગ, હકક, હિત સંબંધ, દાવો અલાખો નથી, તે કોઈની જપ્તીમાં નથી, તે કોઈને જામીનગીરીમાં લખી આપી, તે મિલ્કત ઉપર કોઈનો કોઈપણ જાતનો ભરણ પોષણનો બોજો નથી તથા તેની ઉપર કોઈના ઈઝમેન્ટ રાઈટસ નથી, આમ **સદર મિલ્કતનુ ટાઈટલ સંપૂર્ણ કલીયર અને માર્કેટેબલ છે**. તેવો પાકો ભરોંસો અને વિશ્વાસ આપી તમોને વેચાણ આપેલી છે. તેમ છતાં કોઈ હકકદાર, દાવેદાર, લેણદાર, કે બીજું કોઈ હરકત હેલો કરતુ આવશે તો તે અમો અમારા ખર્ચે અને જોખમે દૂર કરાવી આપવા બંધાયેલા છે.

૯. પરિશિષ્ટમાં જણાવેલી મિલ્કતના તમો વેચાણ રાખનાર આ દસ્તાવેજના આધારે સ્વતંત્ર માલિક થયેલા હોઈ આજથી તમોને સદર મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સુપ્રત કર્યો છે તેથી હવે પછીના ઘરવેરા, લાઈટબીલ તથા સદર મિલ્કત અંગેના જે કોઈ રેવન્યુ ચાર્જીસ, વિગેરે ભરવાપાત્ર થાય તે ભરપાઈ કરવાની જવાબદારી તમો વેચાણ લેનારની છે.

૧૦. વધુમાં સદર પરિશિષ્ટવાળી મિલ્કત **"દત્ત આશ્રય"**ના જે કોઈ નીતિ નિયમો નકકી થાય તેનું તમોએ પાલન કરવાનુ રહેશે. આ ઉપરાંત સદર સમગ્ર સોસાયટીની દેખરેખ માટે સીકયુરીટીગાર્ડ, કોમન સફાઈ, વાપરવાના અને પીવાના પાણી, રસ્તા, સફાઈ, કોમન લાઈટ વિગેરે જે સામુહિક સુવિધાઓ પુરી પાડવામાં આવે તે અંગે કોઈ ખર્ચ નકકી થાય તે સદર મિલ્કત અંગેનો વરાડે પડતો યા ભાગે આવતો ખર્ચ તમો વેચાણ રાખનારે આપવાનો રહેશે. સદર મંડળી યા સોસાયટી તમો સભ્ય તરીકે દાખલ થઈ શકશો.

૧૧. ઉપરોકત મિલ્કતના આ વેચાણ દસ્તાવેજ અંગનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન નોંધણી ફી, વકીલ ફી, લખાઈ ફી, તેમજ તે અંગેના આનુસાંગિક તમામ ખર્ચ તમો ખરીદનારે ભોગવવાના છે.

૧૨. ઉપરોકત પરિશિષ્ટવાળી મિલ્કત–**ફલેટ** તેની જમીન તથા કોમન રસ્તાનો વગર વહેંચાયેલો ભાગ તથા ઈમલો, ઈમારત,નળ,ગટર તથા લાઈટ, જવા–આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હકકો સાથે, તમોને તમારા ફલેટના ક્ષેત્રફળ મુજબ, અસલ હદ્દ મુજબ, તેમાંની રિધ્ધિ સિધ્ધિ સાથે, સુર્ય–ચંદ્ર તપે ત્યાં સુધીના માટે, કુલઅભરામ ના દાવે, સ્વતંત્ર માલિકી અને કબજા હકકે તમોને વેચાણ આપેલી છે.

૧૩. આજથી સદર પરિશિષ્ટમાં જણાવેલ તમોને વેચાણ આપેલ **ફલેટમાં** માલિકી હકકે વસો, વસાવો, ભાડે આપો, દાન, ગીરો, બક્ષિસ કરો કે વેચાણ આપો તે સર્વે હકક તમોને છે.

૧૪. ભવિષ્યમાં જો ધરતીકંપ યા અન્ય કુદરતી કોપના કારણે મિલ્કત ધરાશયી થાય તો જમીનની માલિકી અન્ય તમામ માલિકોની સહીયારી હોઈ, તમો તમામ સાથે રહીને બાંધકામ કરી શકશો.

... ૮ ...

૧૫. આ વેચાણ આપેલ ફલેટ, ઓનરશીપ પધ્ધતિનો છે.અને તમો વેચાણ લેનાર તેના સંપૂર્ણ માલિક મુખત્યાર થયેલા છો. અને ફલેટ ઓનરશીપનો હોઈ, તે ટ્રાન્સફરેબલ, એસાઈનેબલ, મોર્ગેજેબલ છે.

૧૬. આ એપાર્ટમેન્ટમાં વેચાણ લેનારની માલિકી, તેના ફલેટની માલિકીના ભાગના ક્ષેત્રફળના પ્રમાણમાં રહેશે.

૧૭. સદર મિલ્કતની નીચેની જમીન આ મિલ્કતમાં રહેતા બધા માલિકોના પોતપોતાના ક્ષેત્રફળના પ્રમાણમાં ગણવાની છે. સદર મિલ્કતની ઉપરના ટેરેસનો કે અગાસીનો કોઈ કબજાહકક કે માલિકીહકક આપવામાં આવતો નથી. તે હકક ફકત અમો વેચનાર બીજાપક્ષવાળાનો રહેશે. સદર બિલ્ડીગ અંગે વડોદરા મ્યુનિ. કોર્પોરેશન કે સક્ષમ અધિકારીશ્રી તરફથી ભવિષ્યમાં અમોને **વધારે એફ.એસ.આઈ. મળશે તો અમો જમીનમાલિકો/ બિલ્ડર્સ ઉપર બાંધકામ કરી શકીશું.** ભવિષ્યની વધારાની એફ.એસ.આઈ.નું બાંધકામ કરવાનો હકક અમો મિલ્કતમાલિકો, બિલ્ડર્સ અને ડેવલોપર્સનો રહેશે અને ગણાશે. જેમાં કોઈ મેમ્બરનો કે તમો ફલેટમાલિકોનો વાંધો ચાલશે નહી. દાદર તથા પેસેજની માલિકી સહીયારી ગણવાની છે. ટેરેસ રાઈટ બિલ્ડરનો રહેશે. તેમજ ટેરેસ ઉપર કોઈ વસ્તુ કે સાઈનબોર્ડ મુકવામાં આવે તો તેનો કોઈ મેમ્બરે કે તમો ફલેટસ માલિકે વાંધો લેવાનો નથી. તથા મકાનની અગાસી અન્ય કંપનીને સાઈનબોર્ડ વિગેરે અન્ય ચીજવસ્તુ મુકવા માટે અમો ભાડે આપી શકીશું અને તેનું ભાડું કે વળતર અમો વેચનાર મેળવીશું.

૧૮. સદર મિલ્કતની જમીન અમોને વારસાઈમાં મળેલ, તે સદર જમીન પૈકીની ૨૯૦૦ ચો.મીટર જમીન, એન.એ. કરાવી, તે સદર જમીન ઉપર તે જગ્યાએ શ્રી ગજાનન ડેવલોપર્સ પાસે તે ડેવલોપ કરાવી, **"દત્ત આશ્રય"** બનાવી, તે પૈકીની સદર પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત–ફલેટ તમોને વેચાણ આપેલ છે.

૧૯. સદરહુ "દત્ત આશ્રય" યોજનામાં આપને વેચાણ આપવામાં આવતા યુનિટનું બાંધકામ કરવા માટેની કામગીરી **"શ્રી ગજાનન ડેવલોપર્સ",** (ઓફીસઃ ગાયત્રીપાર્ક સોસાયટી, ઉંડેરા ચારરસ્તા, મુ.પો.ઃ ઉંડેરા, તા.જી.ઃ વડોદરા) નામની ભાગીદારી પેઢીને સોંપેલ છે. આથી તમો સદર યુનિટ વેચાણ રાખનારે સદર લેખના પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત / યુનિટનું બાંધકામ **"શ્રી ગજાનન ડેવલોપર્સ"** પાસે જ કરાવવાનું છે. તેમજ સદર યોજનાના આયોજકો ધ્વારા સદરહુ યોજનાનું તારીખ : .... નાં રોજ રજીસ્ટ્રેશન નંબરઃ ....થી **રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી** (**Real Estate Regulatory Authority**) ગુજરાતના કાયદા હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે. અને તમો લખી લેનારાએ યોજનાને લગતા તમામ ડોકયુમેન્ટસ જેવાં કે– જમીનમાલિકના માલિકીહકક તથા કબજાહકકના પુરાવા, મંજુર થયેલ પ્લાન–નકશા, ટાઈટલ કલીયરન્સ, વિકાસ પરવાનગી વિગેરે અન્ય જોઈ તપાસી ખાત્રી કરી, સદરહુ યોજનામાં જણાવ્યા મુજબ અને પરિશિષ્ટમાં જણવેલ યુનિટવાળી મિલ્કત તમો ખરીદનારે વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

... ૯ ...

આ વેચાણનો દસ્તાવેજલેખ આજરોજ અમોએ અમારી રાજીખુશીથી, સ્વેચ્છાથી, વાંચી, સમજી, વિચારી, અમારી અકકલ હોંશીયારીથી, બીન કેફ હાલતમાં, તન અને મનની સાવધ અવસ્થામાં, કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વિના, લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ,વાલી વારસો, એકઝીકયુટર્સ, એસાઈનીઝ, સકસેસર્સ, એડમીનીસ્ટ્રેટર્સ વિગેરે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તારીખઃ .... માહેઃ .... સનેઃ૨૦૧૭.

સ્થળ : **વડોદરા**

<u>સહી</u> : <u>વેચાણ આપનાર</u>:

<u>બીજી તરફવાળા</u> .

જમીનમાલિકો

(૧)

થી

(૧૧)

____

(............................)

સાક્ષી :–

____

(૧)

____

(૨)

<u>ત્રીજી તરફવાળા</u> : સંમતિ આપનાર :

ડેવલોપર્સ : શ્રી ગજાનન ડેવલોપર્સના

ભાગીદાર અને વહીવટકર્તા :

____

(અમરિષભાઈ ભાઈલાલભાઈ પટેલ)

... ૧૦ ...

–: રજી. અધિનિયમ ૧૯૦૮ ની કલમ : ૩૨(અ) મુજબનું સુધારેલ પરિશિષ્ટ :–

લેખ લખી આપનારની સહી : વેચનારનો ફોટોગ્રાફ વેચનારના ડાબા હાથના અંગુઠાની છાપ

(૧)
થી
(૧૧)

(..........................)

ત્રીજી તરફવાળા : સંમતિ આપનાર :
ડેવલોપર્સ : શ્રી ગજાનન ડેવલોપર્સના
ભાગીદાર અને વહીવટકર્તા :

(અમરિષ ભાઈલાલભાઈ પટેલ)

લેખ લખાવી લેનારની સહી : ખરીદનારનો ફોટોગ્રાફ ખરીદનારના ડાબા હાથના અંગુઠાની છાપ

એકતરફવાળા : ખરીદનાર :

(.............................)